

# આપણી વાત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

ગુજરાતી સાહિત્ય પરિષદનું કામ ગુજરાતી સાહિત્ય-ભાષાના પ્રચાર-પ્રસારનું છે એ સુવિદિત ઘટના છે. અહીં 'આપણી વાત'થી પરિષદની પ્રવૃત્તિઓથી સહુને વાકેફ કરવાનો ખ્યાલ છે. પરિષદના પ્રાંગણમાં થતી પ્રવૃત્તિઓ સાથે પરિષદ દ્વારા અન્યત્ર થતી પ્રવૃત્તિઓ ઉપરાંત ગુજરાતમાં ગુજરાત બહાર થતી સાહિત્યિક પ્રવૃત્તિઓથી સહુ માહિતગાર રહે તે હેતુ પણ છે. આણંદમાં ૪૭મું અધિવેશન મળી ગયું. કૉલેજના યજમાનપદે મળેલું આ અધિવેશન ઘણી રીતે વિશિષ્ટ રહ્યું. પરિષદના પ્રમુખનું વ્યાખ્યાન સર્જકની સ્વતંત્રતા આજના સંદર્ભે, પ્રસ્તુત બની રહ્યું. આ અધિવેશનનો સંપૂર્ણ અહેવાલ શ્રી અજય પાઠકે તૈયાર કર્યો છે જે આ અંકમાં પ્રસિદ્ધ કર્યો છે.

## અભિનંદન

ડૉ. ભોગીલાલ સાંડેસરા ચેરના માનાર્હ અધ્યાપક તરીકે શ્રી રમણ સોની સપ્ટેમ્બર-૨૦૧૩ થી ઑગસ્ટ-૨૦૧૫ના બે વર્ષ માટે નિમણૂક પામ્યા છે તેમનો વિષય 'વિષ્ણુદાસ-રચિત ચંદ્રહાસ આખ્યાનનું સમીક્ષિત સંપાદન અને એના અનુસંધાનમાં તુલનાત્મક અભ્યાસ' પર તેઓ સંશોધન કરશે. તેમને અભિનંદન.

## પાક્ષિકી

તા. ૫-૧૨-૧૩ના રોજ શ્રી અનિલ ચાવડાએ તેમની વાર્તા 'રોજનીશી'નું પઠન કર્યું હતું. વૃદ્ધ સ્ત્રીના સ્નેહની કથામાં તે પ્રેમ-પાત્રને મળવા ગામ જાય છે. તે પહોંચે ત્યાં પ્રેમીનું મૃત્યુ થાય છે. વાર્તામાં બસ-પ્રવાસનું વર્ણન સરસ થયું હતું. વાર્તામાં અંતના અને ઘટનાની પ્રતિતીના પ્રશ્નોની ચર્ચા થઈ હતી. સરળ કથાવસ્તુ વાર્તાને ઉપકારક ન હતું...

## સાહિત્ય પરિષદ ખાતે લેખિકા ગોષ્ઠિ યોજાઈ

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા અને એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ અંતર્ગત દર મહિનાના ત્રીજા સોમવારે લેખિકા ગોષ્ઠિનો કાર્યક્રમ યોજવામાં આવે છે. આ ઉપક્રમ અંતર્ગત તા. ૨૧-૧૦-૨૦૧૩ અને તા. ૧૮-૧૧-૨૦૧૩ના રોજ લેખિકા ગોષ્ઠિની બેઠકો યોજાઈ હતી. અગાઉથી નક્કી થયા મુજબ 'છેડો' (ભૂસવું, છેકી કાઢવું, રદ કરવું) વિષય પરની સ્વરચિત કૃતિઓનું લેખિકાઓ દ્વારા પઠન કરવામાં આવ્યું હતું.

આ બંને બેઠકોમાં સર્વશ્રી સુધા ભટ્ટ, લીનાબહેન ત્રિવેદી, ગિરિમા ઘારેખાન, ઊર્મિ પંડિત, નયના મહેતા, નિર્મળ મેકવાન, દીના પંડ્યા, ભારતી સોની, કિશોરી ચંદારાણા,

પ્રજ્ઞા પટેલ, ઈશ્વરી ડૉક્ટર, માલિની શાસ્ત્રી, દક્ષા પટેલ અને પૂજા તાત્સતે સ્વરચિત કાવ્ય, વાર્તા, હાસ્યકથા-વ્યંગકથા, લઘુકથા, નિબંધ વગેરેનું પઠન કર્યું હતું. પઠન બાદ રસપ્રદ ચર્ચા કરવામાં આવી હતી.

**– પ્રજ્ઞા પટેલ, પારુલ દેસાઈ**

## પરિષદના આગામી કાર્યક્રમો

### પાક્ષિકી

સંયોજક : દિવાન ઠાકોર તા. ૨-૧-૨૦૧ને ગુરુવાર સાંજે ૬ વાગે શ્રી જિગ્નેશ બ્રહ્મભટ્ટનું વાર્તાપઠન, તા. ૧૬-૧-૨૦૧૪ને ગુરુવાર સાંજે ૬ વાગે શ્રી હરદ્વાર ગોસ્વામીનું વાર્તાપઠન તેમજ તા. ૬-૨-૨૦૧૪ને ગુરુવાર સાંજે ૬ વાગે શ્રી પ્રભુદાસ પટેલનું વાર્તાપઠન.

### ગ્રંથ સાથે ગોષ્ઠિ

સંયોજક : ઇતુભાઈ કુરકુટિયા, પારુલ કં. દેસાઈ તા. ૨૧-૧-૨૦૧૪ના રોજ મંગળવારે સાંજે ૬-૦૦ કલાકે ક. લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત શ્રી રાજેન્દ્ર પટેલ 'કનૈયાલાલ મુનશીની આત્મકથા' વિશે વક્તવ્ય આપશે.

તા. ૧, ૮, ૧૫, ૨૨-૧-૨૦૧૪ના રોજ વિશ્વ કવિતા કેન્દ્રના ઉપક્રમે બુધસભા સાંજે ૭:૦૦ કલાકે અને ૨૯-૧-૨૦૧૪ના રોજ વ્યાખ્યાન.

એનીબેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ અંતર્ગત

સંયોજક : પારુલ કં. દેસાઈ, પ્રજ્ઞા પટેલ તા. ૨૦-૧-૨૦૧૪ના રોજ બહેનો દ્વારા સ્વરચિત કૃતિઓનું પઠન સાંજે ૪:૦૦ કલાકે.

### માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિર અને શ્રી ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધન કેન્દ્રના ઉપક્રમે 'માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમ'નું આયોજન તા. ૧૫-૧-૨૦૧૪ થી ૩૦-૧-૨૦૧૪ દરમિયાન. વાચનકૌશલની સજ્જતા કેળવાય તે અભિગમથી વિવિધ વ્યાખ્યાનો યોજવામાં આવે છે, જેમાં કોઈ પણ ભાષારસિક – ભાષાજિજ્ઞાસુ, વયભેદ કે વ્યવસાયભેદ વગર જોડાઈ શકે છે. આ અભ્યાસક્રમની ફી ૩૦૦/- રૂપિયા રાખવામાં આવી છે. વર્ગોનો સમય સાંજે ૫.૦૦ થી ૬.૩૦ (સોમવાર થી શનિવાર) રહેશે. અભ્યાસક્રમમાં યોગેન્દ્ર વ્યાસ, અરવિંદ ભાંડારી, રતિલાલ બોરીસાગર, ત્રિકમભાઈ પટેલ કીર્તિદા શાહ, પિંકી પંડ્યા, સતીશ વ્યાસ વગેરે તજ્જ્ઞો સેવા આપશે. રસ ધરાવનારે પરિષદ કાર્યાલયમાં ૫ જાન્યુઆરી, ૨૦૧૪ સુધીમાં ફૉર્મ ફી ભરી જવા વિનંતી છે.

**નવોદિત સર્જકોના પ્રથમ સર્જનાત્મક પુસ્તકનું પ્રકાશન**

ગુજરાતી સાહિત્ય પરિષદના ક. લા. સ્વાધ્યાયમંદિર હસ્તક શ્રી બી. કે. મજૂમદાર ટ્રસ્ટ પ્રકાશનશ્રેણી અંતર્ગત નવોદિત લેખકો/લેખિકાઓનું એક પણ પુસ્તક પ્રગટ ન થયું હોય તેઓ આ શ્રેણીમાં પોતાના પ્રથમ સર્જનાત્મક પુસ્તકની હસ્તપ્રત મોકલી શકે છે. આ પુસ્તકની પૃષ્ઠમર્યાદા ૧૨૦ થી ૧૫૦ની રહેશે. હસ્તપ્રતની ટાઇપકૉપી મોકલવી. હસ્તપ્રત તા. ૩૦-૩-૨૦૧૪ સુધીમાં મોકલી આપવા વિનંતી.

હસ્તપ્રત મોકલવાનું સરનામું : પ્રકાશનમંત્રશ્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦૦૦૯

## કવિશ્રી ચિનુ મોદીને સાહિત્ય અકાદમી, દિલ્હીનો ઍવોર્ડ

વર્ષ ૨૦૧૩ માટેનો સાહિત્ય અકાદેમી, દિલ્હીનો ગુજરાતી ભાષા માટેનો ઍવોર્ડ કવિશ્રી ચિનુ મોદીને એમના કાવ્યસંગ્રહ ‘ખારાં ઝરણ’ માટે જાહેર થયો છે. કવિશ્રી ચિનુ મોદીને અભિનંદન

□

## ચંદ્રકાન્ત ટોપીવાળાને સમન્વય ભાષા સન્માન એવૉર્ડ – ૨૦૧૩

ન્યૂ દિલ્હીમાં પ્રતિવર્ષ યોજાતા ‘સમન્વય’ ઇન્ડિયા હેબિટાટ સેન્ટરના ભારતીય ભાષાઉત્સવમાં ૨૦૧૩નો ‘સમન્વય ભાષા સન્માન એવૉર્ડ’ આ વર્ષે ગુજરાતી ભાષાના કવિ, વિવેચક ડૉ. ચંદ્રકાન્ત ટોપીવાળાને એનાયત થયો છે. દર વર્ષે ભારતીય ભાષાઓમાંથી કોઈ એક ભાષાને અપાતા આ એવૉર્ડનું બીજું વર્ષ છે. પહેલા વર્ષે ઊડિયા ભાષાના જાણીતા કવિ સીતાકાન્ત મહાપાત્રને આ એવૉર્ડ એનાયત થયો હતો. સમ્માનપત્ર સહિત અપાતા આ એક લાખના એવૉર્ડનું મુખ્ય લક્ષ્ય ભારતીય ભાષાસંધાન છે. સર્વશ્રી સિતાંશુ યશશ્ચન્દ્ર, આલોક રાય અને ઉદયનારાયણ સિંઘે નિર્ણાયકો તરીકે કામગીરી બજાવી છે.

## જાણીતા સાહિત્યકાર જયંતિ એમ. દલાલને ગિરનાર એવૉર્ડ

જાણીતા સાહિત્યકાર જયંતિ એમ. દલાલને તાજેતરમાં ગિરનાર એવૉર્ડ (સાહિત્યરત્ન એવૉર્ડ) એનાયત કરવામાં આવ્યો હતો. એમની ચાર અનૂદિત નવલકથાઓ અંગ્રેજીમાં પ્રકાશિત થઈ ચૂકી છે. જયંતિ એમ. દલાલની બે નવલકથાઓ SPATIAL ECHOES અને BLEEDING HEIGHTS OF KARGIL ઉપરનો આઠ પાનાંનો લેખ ડૉ. જયશ્રીબહેને તે તૈયાર કરીને WORLD ENGLISH LITERATIRE, BRIDING ONENESS જેવાં દળદાર પુસ્તકમાં ‘UNDER-

STANDING TERRORISM; CAN POPULAR FICTION ADDRESS SERIOUS ISSUES ?' આ નામે પ્રકાશિત થયો છે.

## અશોક ચાવડાને યુવા પુરસ્કાર–૨૦૧૩

દિલ્હી સાહિત્ય અકાદમીએ અશોક ચાવડાને તેમના કાવ્યસંગ્રહ 'ડાળખીથી સાવ છૂટાં'ને યુવા પુરસ્કાર અર્પણ કર્યો છે. અશોક ચાવડાને અભિનંદન.

## શ્રદ્ધાબહેન ત્રિવેદીને બાળસાહિત્યકાર પુરસ્કાર–૨૦૧૩

દિલ્હી સાહિત્ય અકાદમીએ શ્રદ્ધાબહેન ત્રિવેદીને બાળસાહિત્યસર્જન માટે બાળસાહિત્યકાર ૨૦૧૩નો પુરસ્કાર એનાયત કર્યો છે. શ્રદ્ધાબહેન ત્રિવેદીને અભિનંદન.

## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણીના ઉપક્રમે ૧૩ નવેમ્બર, ૨૦૧૩ને બુધવારના રોજ શ્રી પંકજભાઈ જોશીએ 'ખગોળનાં મહારસ્યો' વિશે વાત કરતાં કહ્યું કે, આજનું ખગોળવિજ્ઞાન વિશ્વના અનેક અદ્ભુત પાસાઓ ઉજાગર કરી રહ્યું છે. સૂક્ષ્મની દુનિયામાં આપણે અણુ-પરમાણુનાં રહસ્યો શોધી અને પામી રહ્યા છીએ, જ્યારે વિશાળ સ્તરે તારાવિશ્વોનાં અવલોકનો મહાકાય દૂરબીનો દ્વારા થઈ રહ્યા છે. આ રીતે તેમણે સમગ્ર બ્રહ્માંડનું સર્જન અને તેનું ભાવિ, મહાકાય તારાઓના વિસ્ફોટ અને બ્લૅક હોલ્સની દુનિયા, હિગ્સ બોઝોન અને તેનો વિશ્વવિજ્ઞાન સાથે સંબંધ, આ તથા સંકળાયેલા પ્રશ્નોની વાત કરી હતી.

## 'કૃષ્ણભક્ત કવિ જયદેવ' નાટ્યરૂપાંતરનું વિમોચન

વિશ્વકોશ લલિતકલા કેન્દ્ર અને શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટના ઉપક્રમે જયભિખ્ખુએ લખેલા પ્રેમભક્ત કવિ જયદેવના શ્રી ધનવંત શાહે કરેલા નાટ્યરૂપાંતરનો વિમોચન સમારોહ યોજવામાં આવ્યો. આની ભૂમિકા આપતાં શ્રી કુમારપાળ દેસાઈએ કહ્યું કે આજથી ૬૫ વર્ષ પહેલાં જયભિખ્ખુએ ૧૯૪૫માં સંસ્કૃત સાહિત્યના બારમી સદીમાં રચાયેલા પ્રસિદ્ધ શૃંગારકાવ્ય 'ગીતગોવિંદ'ને આધારે આ નવલકથાનું સર્જન કર્યું હતું. તે પછી બે વર્ષ બાદ આ નવલકથા પરથી ફિલ્મનું નિર્માણ થયું હતું અને આજે તેનું નાટ્યરૂપાંતર પ્રગટ થાય છે. જયભિખ્ખુને એમના મિત્ર અને ગુજરાતના પ્રસિદ્ધ ચિત્રકાર કનુ દેસાઈ ફિલ્મ-નિર્માણ કરવા ઇચ્છતા હતા તેમને માટે જયભિખ્ખુએ આ નવલકથા લખી હતી અને કનુ દેસાઈએ એનું નિર્માણ કર્યું હતું. અત્યારે ત્રણેક વર્ષની જહેમત બાદ ધનવંત શાહ જયભિખ્ખુનું શબ્દતર્પણ કરી રહ્યા છે.

કૃષ્ણભક્ત કવિ જયદેવના નાટ્યાંશોનું પઠન પૂર્વરંગ રૂપે શ્રી મહેશ ચંપકલાલે કર્યું. તેના ઉપરથી નર્તનપ્રસ્તુતિ તૈયાર થઈ હતી. તેની પરિકલ્પના શ્રી ઉમાબહેન

અનંતાણીએ કરી હતી અને વૈભવ આરેકર તથા શિવાંગી વિક્રમે નર્તન દ્વારા રજૂઆત કરી હતી. સ્વાગત શ્રી હીનાબહેન શુક્લએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નલિની દેસાઈએ કર્યું. જયભિખ્ખુના ચાહકો અને કલારસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

**વ્યાખ્યાન**

શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાનવિજ્ઞાન વ્યાખ્યાન-શ્રેણી અંતર્ગત ડૉ. વિદ્યુત જોષીએ 'સામાજિક શાસ્ત્રોમાં સંશોધનનું સત્ય' વિષય પર વ્યાખ્યાન આપ્યું.

**વ્યાખ્યાન**

વિશ્વકોશભવનમાં પરેશ વ્યાસે 'સમાચારના શબ્દો અને શબ્દોના સમાચાર' વિશે પ્રવચન આપ્યું હતું.

**'વિશ્વકોશ, શિક્ષણ અને સમાજ' વિષય પર વ્યાખ્યાન**

બીજી ડિસેમ્બર ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનો સ્થાપના દિવસ છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ એને વિશ્વસંસ્કૃતિ દિન તરીકે ઊજવે છે. ૨ ડિસેમ્બર ૨૦૧૩ના રોજ 'વિશ્વકોશ, શિક્ષણ અને સમાજ' વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં શ્રી દાઉદભાઈ ઘાંચીએ કહ્યું કે, 'આપણે ચિંતા, શિક્ષણ, વિશ્વકોશની કરીએ છીએ અને સમાજ. આ ત્રણનું સંકલન કરવાનું છે. એક નવું બીડું ઝડપ્યું છે. બાળવિશ્વકોશ એ જ્ઞાનનું અનોખું ઉપકરણ છે. સંસ્કારનું ઉપકરણ છે. સમાજનું, શિક્ષણનું સંકલન સાધીને એક નવો માહોલ ઊભો થયો છે. એક નવી શક્તિનું નિર્માણ થયું છે. એ શક્તિ છે સામાજિક નવનિર્માણની.'

જાણીતા શિક્ષણવિદ શ્રી રવીન્દ્રભાઈ દવેએ શિક્ષણના ક્ષેત્રમાં જે નવા આયામો આવ્યા તેની વાત કરી. તેમણે ઇમરજન્સ ઑફ નોલેજ સોસાયટીની વાત કરતાં કહ્યું કે 'તેમાં જ્ઞાનને ઉત્પન્ન કરવાનું, જ્ઞાનનું વ્યવસ્થાપન કરવાનું, જ્ઞાનની વિશ્વસનીયતાને ચકાસવાનું, એ જ્ઞાનને હાર્ડ કોપી તરીકે અથવા તો વર્ચ્યુઅલ ફિલ્ડની અંદર મૂકીને સમસ્ત વિશ્વમાં ફેલાવવાનું અને એના દ્વારા એક નવો વિશ્વ સમાજ બનાવવાનું કાર્ય ચાલી રહ્યું છે. જેને આપણે વિશ્વસંસ્કૃતિ કહીએ છીએ અને એક નવો વિશ્વસમાજ બનાવીએ છીએ.'

ગુજરાતી વિશ્વકોશના મુખ્ય સંપાદક ડૉ. ધીરુભાઈ ઠાકરે કહ્યું કે, 'જ્ઞાનને કોઈ સીમાડા હોતા નથી. માણસનો સતત પ્રયત્ન કોઈ ને કોઈ રીતે સત્યને પામવાનો હોય છે. વિશ્વકોશ એ સત્ય પામવાનું સાધન છે. વિશ્વકોશ એટલે સત્યશોધની લાંબી યાત્રા. વિશ્વકોશ એ સતત ચાલતું યજ્ઞકાર્ય છે. વિશ્વકોશની પ્રવૃત્તિ એ કંઈ એક પેઢીનું

કામ નથી. એની મશાલ પેઢી-દર-પેઢી ફરતી રહેવી જોઈએ.'

આ પ્રસંગે શ્રી પી. સી. પટેલ લિખિત 'હોમી જહાંગીર ભાભા', શ્રી જે. એન. દેરાસરી લિખિત 'ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ' અને શ્રી ઉષા ભાલ મલજી લિખિત 'સપનાંના સોદાગર' આ ત્રણ પુસ્તકોનું વિમોચન થયું.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે તાજેતરમાં રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી કરી. એ ઉજવણીના ભાગ રૂપે અપાયેલાં વ્યાખ્યાનોનો સંપુટ પણ તૈયાર થયો અને તેનું વિમોચન કરવામાં આવ્યું.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની વેબસાઇટ હતી જ, પણ તેને નવો ઓપ આપીને વેબસાઇટનું પણ લોન્ચિંગ કરવામાં આવ્યું. આ વેબસાઇટ www.vishwakosh.org ઉપરથી જોઈ શકશો. કાર્યક્રમની શરૂઆત વિશ્વકોશ ગાનથી થઈ અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રીતિ શાહે કર્યું.

## રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ અંતર્ગત યોજાયેલી વ્યાખ્યાનશ્રેણી
## સામાજિક જાગૃતિ અને ગ્રંથાલયો

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અંતર્ગત રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહમાં યોજાયેલી વ્યાખ્યાનશ્રેણીમાં શ્રી પ્રવીણભાઈ શાહ, મહાદેવભાઈ દેસાઈ, પ્રદીપ ખાંડવાલા, ડૉ. હર્ષદ એ. પટેલ અને ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની વગેરેએ ગ્રંથાલય સપ્તાહમાં પુસ્તકોનું મહત્ત્વ વિશે વ્યાખ્યાનો આપ્યા હતાં.

## સાહિત્યકાર સન્માન તથા કવિ સંમેલન

સાહિત્યકાર સન્માન સમિતિ દ્વારા ''મહેકનો અભિષેક'' શીર્ષક નીચે ૨૩ નવેમ્બર, ૨૦૧૩ના રોજ કાર્યક્રમ સંપન્ન થયો. આ કાર્યક્રમમાં ધારી તાલુકાના વતની એવા ચાર સાહિત્યકારો જેમાં ત્રણ કવિઓ સર્વશ્રી કૃષ્ણ દવે, હર્ષદ ચંદારાણા તથા દિલીપ વ્યાસ તથા વાર્તાકાર શ્રી ગોરધન ભેંસાણિયાનું કવિશ્રી હર્ષ બ્રહ્મભટ્ટના વરદ હસ્તે સન્માન કરવામાં આવ્યું. સ્વાગત ડૉ. દુર્ગાબેન જોશીએ કરેલ, જ્યારે ઉદ્‌ઘોષણા શ્રી કેસર મકવાણાએ કરી હતી.

કાર્યક્રમના બીજા ભાગમાં શ્રી હર્ષ બ્રહ્મભટ્ટના અધ્યક્ષપદે કવિ સંમેલન હતું. જેમાં અધ્યક્ષશ્રી ઉપરાંત કવિઓ સર્વશ્રી દિલીપ વ્યાસ, ભરત વિંઝુડા, હર્ષદ ચંદારાણા, કૃષ્ણ દવે, રાજેશ વ્યાસ 'મિસ્કીન' તથા મિલિન્દ ગઢવીએ કાવ્યધારા કરી. કવિ સંમેલનનું સંચાલન શ્રી મિલિન્દ ગઢવીએ કર્યું.

## ગુજરાત સાહિત્ય સભા

ગુજરાત સાહિત્ય સભાના ઉપક્રમે દર્શક જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે સ્નાતક-અનુસ્નાતક અને સાહિત્યરસિકો માટે નિબંધસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં

(૧) લોકશાહી વિચારક દર્શક (૨) નવલકથાકાર દર્શક (૩) કેળવણીકાર દર્શક અને (૪) દર્શકનું સમાજચિંતન. એ વિષયોમાંથી કોઈ પણ એક વિષય પર ૪૦૦૦ શબ્દોની મર્યાદામાં ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં નિબંધ લખવાનો રહેશે અને તે નિબંધ મોડામાં મોડો ૨૦ ફેબ્રુઆરી ૨૦૧૪ સુધીમાં મંત્રીશ્રી, ગુજરાત સાહિત્ય સભા C/o. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૩ને મોકલવાનો રહેશે. આમાં ૨૫૦૦ રૂપિયાનું પ્રથમ પારિતોષિક, ૧૫૦૦ રૂપિયાનું દ્વિતીય પારિતોષિક અને ૭૦૦ રૂપિયાનું તૃતીય પારિતોષિક તથા ૫૦૦ રૂપિયાના પાંચ પ્રોત્સાહક પારિતોષકો યોગ્ય નિબંધોને આપવામાં આવશે. આ અંગે વિશેષ માહિતીની જરૂર હોય તો તે ઉપરના સરનામેથી મળી રહેશે.

## રાજેન્દ્ર શાહની જન્મશતાબ્દીની ઉજવણી

'ઈંધણા વીણવા ગઈ'તી મોરી સૈયર...' 'એકબીજાના સંગમાં રાજી રાજી...' આ પંક્તિઓ યાદ કરી આજેય ગુજરાતી ભાષકનો કંઠ સૂરમય અને શબ્દ પોતીકો બની જાય છે. આ કૃતિના સર્જક ગુજરાતી સાહિત્યના જ્ઞાનપીઠ વિજેતા કવિ રાજેન્દ્ર શાહના જન્મ શતાબ્દી વર્ષની વિશિષ્ટ ઉજવણી હાલમાં સંપન્ન થઈ ગઈ. નડીઆદની ભૂમિથી શરૂ થયેલી યાત્રા સર્જકના જન્મસ્થળ કપડવંજના મુકામે રોકાઈ વલ્લભવિદ્યાનગરના પ્રાંગણમાં વિરમી હતી. એક એવો પરિસંવાદ જેમાં ત્રણ સ્થળ અને અનેક લલિત કલાઓને આવરી સર્જકની સર્જકતા અને ભાવવિશ્વને ઊજવવામાં આવ્યા હોય, ૨૦-૨૧-૨૨ ડિસે.ના રોજ 'પ્રણતિ-પરિપ્રશ્ન-પ્રસ્તુતિ'રૂપે રાષ્ટ્રીય-સ્તરે અનેક વિજ્ઞાન, વિદ્યાપ્રેમી સાહિત્યપ્રેમીઓ અને વિદ્યાર્થીઓની સાથે ગુજરાતી અને અન્ય ભાષીય સાહિત્ય મર્મજ્ઞો આ ઉજવણીનો ભાગ બન્યા હતા. સાહિત્ય અકાદમી, ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી - નડીઆદ, કવિવર્ય રાજેન્દ્ર શાહ જન્મ શતાબ્દી ઉજવણી સમિતિ - કપડવંજ, સરદાર પટેલ યુનિવર્સિટી - વલ્લભવિદ્યાનગર, યુ. ટી. એસ. મહિલા આર્ટ્સ કૉલેજ-નડીઆદ, બળવંત પારેખ સેન્ટર ફોર જનરલ સિમેન્ટીક્સ વગેરે સંસ્થાઓએ આ શતાબ્દી સ્મરણ પર્વના આયોજનમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમના પ્રથમ ચરણ - પ્રણતિમાં સાહિત્ય અકાદમીના ગુજરાતી એડવાઈઝરી બોર્ડના કન્વીનર શ્રી સિતાંશુ યશશ્ચંદ્રે કાર્યક્રમની ભૂમિકા સ્પષ્ટ કરી હતી અને જ્ઞાનપીઠ એવૉર્ડ વિજેતા ઓડિયા કવિ શ્રી સીતાકાંત મહાપાત્રનું બીજ વક્તવ્ય અને લાભશંકર ઠાકરનું વિડીયો વક્તવ્ય રજૂ કરાયું હતું. સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી વિશ્વનાથપ્રસાદ તિવારીએ ત્રણે દિવસ ઉપસ્થિત રહી સાહિત્યને વધુ સંવાદિત બનાવવા અને પ્રજા સુધી પહોંચવા માટેનાં સૂચનો વક્તવ્ય દરમિયાન આપ્યાં હતાં.

સમગ્ર કાર્યક્રમ હોલની વાડાબંધીથી મુક્ત થઈ સર્જકના ઘરના પ્રવાસ સુધી લંબાયો હતો. એક તરફ ચંદ્રકાન્ત ટોપીવાળા, ચંદ્રકાન્ત શેઠ, શિરીષ પંચાલ, સુમન શાહ,

રમણ સોની જેવા વિવેચકોની રસકીય ભૂમિકા, બીજી તરફ દિલીપ ઝવેરી અને જ્યોત્સ્ના મિલન દ્વારા રાજેન્દ્ર શાહના જીવન અંગેની અંતરંગ વાતો થઈ હતી. રાજેન્દ્ર શાહની કવિતાનો કાવ્ય પાઠ નિરંજન ભગત, ઉષા ઉપાધ્યાય, મણિલાલ પટેલ, દલપત પઢીયાર, નીરવ પટેલ, કમલ વોરા, હરીશ મીનાશ્રુ, રાજેશ પંડ્યા વગેરે કવિઓના મુખે સાંભળવા મળ્યો હતો. કાવ્ય- પાઠની સાથે કાવ્ય આસ્વાદની ભૂમિકા પણ બંધાઈ હતી. આ ઉપરાંત એમ. એસ. યુનિવર્સિટી, વડોદરાના નૃત્ય વિભાગના વડા ડૉ. પારુલ શાહ અને એમના સાથીઓ સાથે રાજેન્દ્ર શાહના કાવ્યો આધારિત નૃત્યની રજૂઆત કરાઈ હતી, ત્યારબાદ અમર ભટ્ટ દ્વારા સર્જકની કવિતાને સૂર ને લયબદ્ધ કરાઈ હતી. કવિનો શતાબ્દી અવસર અને ગુજરાતી સાહિત્ય માટે અનોખી રીતે વિદ્વત્તાપૂર્ણ, વ્યાપક અને રાજેન્દ્ર શાહને એક વાર ખરા અર્થમાં પ્રજા સમક્ષ સાકાર કરતો બન્યો હતો.

**– સેજલ શાહ**